**પશુ સંશોધન કેન્દ્ર**

**પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય**

**આણંદ કૃષિ યુનિવર્સિટી,**

**આણંદ-૩૮૮૦૦૧**

---

# ડો. ભરત એસ દિવેકર ને શ્રેષ્ઠ લેખક તરીકેનો એવોર્ડ

પશુ સંશોધન કેન્દ્ર, વેટરનરી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મદનીશ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા ડો. ભરત એસ. દિવેકર ને વર્ષ ૨૦૦૮-૦૯ માં " ગોદર્શન ગાઇડ" માસિકમાં પ્રસિધ્ધ થયેલ લેખોમાંથી તેમનો લેખ "વિયાણ પહેલા અને પછી પશુ સ્વાસ્થ્યની કાળજી" જે ગોદર્શન ગાઇડના મેગેઝીનના ઑગસ્ટ – ૨૦૦૮ માં પ્રસિધ્ધ થયેલ હતો. તે લેખને શ્રેષ્ઠ લેખ તરીકે પસંદ કરવામાં આવેલ છે. તા. ૨૩.૦૧.૨૦૧૭ ના રોજ પશુપાલન ખાતા તેમજ ગોદર્શન ટ્રસ્ટ તરફથી ગુજરાતમાંથી કુલ ૧૫ શ્રેષ્ઠ લેખકોને સન્માન કરવા માટેનું આયોજન રાજભવન, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ હતું. જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટીમાંથી ડો.ભરત એસ. દિવેકરને શ્રેષ્ઠ લેખક તરીકે માનનીય રાજ્યપાલ મહા મહીમ શ્રી ઓ. પી. કોહલી સાહેબશ્રીના વરદહસ્તે શાલ ઓઢાડી, સ્મુતિ ચિહ્ન તેમજ સર્ટીફીકેટ આપી બહુમાન કરવામાં આવેલ છે.



ગોદર્શન ગાઇડ

(મુખપત્ર - ગોદર્શન ટ્રસ્ટ, ગોંડલ)

શ્રેષ્ઠ લેખ પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, વર્ષ ૨૦૦૮-૦૯ માં "ગોદર્શન ગાઇડ" માસિકમાં પ્રસિધ્ધ થયેલ લેખોમાંથી ડૉ. ભરત એસ. દીવેકર નો લેખ "વિયાણ પહેલા અને પછી પશુ સ્વાસ્થ્યની કાળજી" જે ગોદર્શન ગાઇડ મેગેઝીનના "ઓગસ્ટ - ૨૦૦૮" માં પ્રસિધ્ધ થયેલ છે. તે વર્ષના ત્રણ શ્રેષ્ઠ લેખો પૈકીના લેખ તરીકે પસંદ કરવામાં આવેલ છે. પ્રમાણપત્ર માનનીય રાજ્યપાલશ્રીના વરદહસ્તે અર્પણ કરવામાં આવેલ છે.

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૨૩-૧-૨૦૧૭

